ખેડા જિલ્લા પંચાયતમાં રાજકીય આંતરકલહ અને નેતાઓના વેપારી મગજે ૫ કરોડનું નવું ભવન અધ્ધરતાલ કર્યું

# નડિયાદમાં જૂની જમીનનો ઠરાવ રદ્દ હવે પ્રમુખ બંગલો તોડવા સુધીની વાતો!

**અધિકારી રાજ** અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના અહમના ટકરાવમાં પ્રજાકીય કામો રઝળ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ખેડા જિલ્લા પંચાયતની મળેલી સામાન્ય સભામાં રાજકીય આંતરકલહ અને વહીવટી પાંખ સાથેના ઘર્ષણનો પર્દાફાશ થયો છે. નડિયાદ તાલુકા પંચાયતના નવા ભવન નિર્માણ માટે રાજ્ય સરકારે રૂ. ૫ કરોડની માતબર ગ્રાન્ટ મંજૂર કરી હોવા છતાં, નેતાઓની આપસી ખેંચતાણ



અને વેપારી મગજના કારણે અગાઉ જૂની જિલ્લા પંચાયતની જગ્યાએ જમીન ફાળવવાનો લેવાયેલો નિર્ણય રદ્દ કરી દેવામાં આવ્યો છે.

ખેડા જિલ્લા પંચાયતની અગાઉ જૂની કચેરીના સર્વે નંબર ૧૪૭૦ વાળી ૯૦૬૪ ચોરસ મીટર જમીનમાંથી ૩૦૦૦ ચોરસ મીટર જમીન તાલુકા પંચાયત ભવન માટે ફાળવવાનો ઠરાવ કરાયો હતો. પરંતુ સામાન્ય સભામાં આ નિર્ણય મોકૂફ રખાતાં નેતાઓ આ મોકાની જગ્યા પર કોમર્સિયલ કોમ્પલેક્ષ બનાવી લાભ ખાટવાની વેતરણમાં હોવાની વ્યાપક ચર્ચા જાગી છે. અગાઉ જૂની ઈમારત તોડવાનો ઠરાવ કર્યા બાદ, હવે પ્રમુખ નિવાસસ્થાન 'પંચાયતન' બંગલો તોડવાની કે કચેરીની પાછળ મકાન બનાવવાની ચર્ચાઓ વચ્ચે કોઈ નક્કર નિષ્કર્ષ આવ્યો નથી. બીજી તરફ જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓ ચૂંટાયેલી પાંખના હોદ્દેદારોને ગણકારતા ન હોઈ, 'અધિકારી રાજ' અને પ્રતિનિધિ વચ્ચેના અહમના ટકરાવમાં સરકારી ગ્રાન્ટ પડી રહી છે.

### આંગણવાડી, આરોગ્ય કેન્દ્રો અને રસ્તાનું હસ્તાંતરણ

નડિયાદ શહેરને મહાનગરપાલિકાનો દરજ્જો મળતા જિલ્લા પંચાયત હસ્તકની ૧૧૨ આંગણવાડીઓ, ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૯ આયુષ્યમાન આરોગ્ય મંદિર અને ૫ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો વહીવટ મનપાને સોંપાયો છે. આ ઉપરાંત ૧૦ ગામોના માર્ગ-મકાન વિભાગના ૧૦૧ રસ્તાઓ, સરકારી પ્રાથમિક શાળાઓ તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ પણ કોર્પોરેશન હસ્તક તબદીલ કરવામાં આવ્યો છે.

### મહુધા તાલુકા પંચાયત અને જર્જરિત સરકારી ઇમારતો જમીનદોસ્ત કરાશે

ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જર્જરિત સરકારી ઈમારતો તોડી પાડવાનો મહત્વનો ઠરાવ કરાયો છે. જેમાં મહુધાની જૂની તાલુકા પંચાયત કચેરી તોડીને નવું મકાન બનાવવાની મંજૂરી અપાઈ છે. આ ઉપરાંત ફાગવેલ, કેસરા અને નાની ખડોલ ખાતે આવેલ જૂના પેટા આરોગ્ય કેન્દ્રોને પણ તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે.

ખેડા જિલ્લામાં ૬૦૦ વાહનોમાં પર્યાવરણની સરેઆમ નિલામી!

# નડિયાદ પંથકમાં લાકડા માફિયાનું 'રાજ' : કમળા ચોકડી એપીસેન્ટર

**વન વિભાગની** હડતાળ વચ્ચે ૫૦૦ ટ્રેક્ટર અને ૧૦૦ ટ્રકોથી રાત્રિના ખેલ!



(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ખેડા જિલ્લાના વડામથક નડિયાદમાં જંગલ ખાતાની ચાલુ હડતાળનો ગેરલાભ ઉઠાવીને લાકડા માફિયાઓએ કાયદાના ધજાગરા ઉડાવી ખુલ્લેઆમ ગેરકાયદે સામ્રાજ્ય ઊભું કરી દીધું છે. વહીવટી તંત્રની નાક નીચે દરરોજ રાત્રે ૫૦૦થી વધુ ટ્રેક્ટરો અને ૧૦૦થી વધુ ઓવરલોડ ટ્રકો પર્યાવરણનું નિકંદન કાઢીને કમળા ચોકડી સ્થિત રિંગરોડ ગ્રાઉન્ડ પર સરેઆમ હરાજી કરી રહ્યા છે. સો મિલના સંચાલકોમાં ચાલતી ચર્ચા મુજબ, દર ૧૦૦ મણ લાકડા દીઠ અધિકારીઓને ૨૭ ટકા વ્યવહાર અને ૩ ટકા 'પ્રેમ' પેટે પહોંચાડીને આખી સિસ્ટમને ખરીદી લેવામાં આવી છે. ભ્રષ્ટ બાબુઓના ખિસ્સા ગરમ થતાં સમગ્ર જિલ્લામાં પર્યાવરણનો ખુલ્લેઆમ દાટ વળી રહ્યો છે અને ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસની ઉગ્ર માંગ ઉઠી છે.

ખેડા જિલ્લામાં વન વિભાગના કર્મચારીઓની ગેરહાજરી અને લાપરવાહીના કારણે ગેરકાયદેસર રીતે વન સંપદાને નષ્ટ કરવાનું મસમોટું કૌભાંડ ધમધમી રહ્યું છે. શહેરા, મહીસાગર અને છોટા ઉદેપુર જેવા વિસ્તારોમાંથી દરરોજ રાત્રે સેંકડો વાહનો કિંમતી વૃક્ષો કાપીને નડિયાદ ભેગા થાય છે, છતાં રસ્તામાં આવતી એકપણ ચેકપોસ્ટ પર તેમને અટકાવવામાં આવતા નથી. પ્રતિબંધિત અને કિંમતી એવા આંબા, લીમડા અને કરંજના વૃક્ષોનું અંધાધૂંધ છેદન કરીને વાહનોમાં ઠાંસી ઠાંસીને લાવવામાં આવે છે. આ સમગ્ર ગોરખધંધા પાછળ વન વિભાગ, પોલીસ અને આરટીઓ તંત્રના મોટા માથાઓની સીધી સંડોવણી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે કોરાણે મુકાઈ ગયા હોય તેમ હાઈવે પર રાતના સમયે ૬૦૦ જેટલા ઓવરલોડ વાહનો બેફામ દોડી રહ્યા છે. લાકડા માફિયાઓ દ્વારા માસિક હપ્તા સિસ્ટમ ગોઠવીને સરકારી બાબુઓને આંધળા કરી દેવાયા હોવાનો પર્દાફાશ પકડાયેલા ડ્રાઈવરોની ધડાકેદાર કબૂલાત પરથી થયો છે. પરંતુ અધિકારીઓની મિલીભગતથી કોઈ જ પાસ-પરમિટ વગર આ પર્યાવરણીય ડાકાપોંગા ચાલી રહ્યા છે.

### ભ્રષ્ટ બાબુઓ માટે પર્યાવરણની નિલામી

નડિયાદના લાકડા બજારમાં સો મિલના સંચાલકોમાં ચાલતી ચર્ચા મુજબ ૧૦૦ મણ લાકડા પાછળ સંબંધિત અધિકારીઓને ૨૭ ટકા 'વ્યવહાર' અને ૩ ટકા 'પ્રેમ' પેટે આપવામાં આવે છે. ભ્રષ્ટ અધિકારીઓના આ ૩૦ ટકાના પ્રેમના કારણે લાકડા માફિયાઓ બેખોફ બન્યા છે અને તંત્રના જવાબદારો રૂપિયાની લાલચમાં મૂકપ્રેક્ષક બની પ્રકૃતિનો વિનાશ જોઈ રહ્યા છે.

### સરેઆમ હરાજી, ચેકપોસ્ટો પર સન્નાટો

નડિયાદ શહેરમાં જ દરરોજ ૫૦૦થી વધુ ટ્રેક્ટરો અને ૧૦૦થી વધુ ટ્રકો ગેરકાયદે લાકડા ભરીને ઘસી આવે છે. કમળા ચોકડી પાસે આવેલા રિંગરોડ ગ્રાઉન્ડ પર સરેઆમ હરાજી દ્વારા લાકડાનું વેચાણ થાય છે. શહેરા, મહીસાગર અને છોટા ઉદેપુરથી વાહનો આવતા હોવા છતાં રસ્તાની ચેકપોસ્ટો પર કોઈ જ તપાસ થતી નથી.

### હોબાળા બાદ તંત્ર દ્વારા ૬ વાહનો જપ્ત

સમગ્ર મામલે હોબાળો થતાં નડિયાદ ગ્રામ્ય મામલતદાર ઉપેન્દ્રસિંહ ગોહીલ અને ઈન્ચાર્જ ડી.એફ.ઓ. મનીષાબેન વાઘેલાએ કમળા ચોકડી પર સ્થળ તપાસ કરી હતી. આ તપાસ દરમિયાન પાસ વગરના ૬ મોટા વાહનો પકડી પાડી ગુનો નોંધવામાં આવ્યો હતો, જેથી માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### 'હપ્તા ચુકવાય છે, પાસ વગર ગાડીઓ દોડે છે'

શહેરાથી લાકડા ભરીને આવતા ટ્રક ડ્રાઈવર જબ્બુલાભાઈ અને અનવરભાઈએ સ્વીકાર્યું કે ગાડીઓમાં લીમડા, કરંજ અને સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારા હેઠળ પ્રતિબંધિત આંબાના લાકડા ભરેલા છે પણ કોઈ જ પાસ નથી. શેઠ દ્વારા અધિકારીઓને દર મહિને હપ્તો પહોંચાડવામાં આવતો હોવાથી તેમને કોઈ રોકતું નથી.

એલસીબીની કોમ્બિંગ નાઇટ દરમિયાન રૂ.૩.૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત

# આણંદમાં ચોરાઉ વાહનો સાથે પાંચ શખ્સો ઝડપાયા

**કરમસદ-ગાના** રોડ પરથી રીક્ષા ધકેલી જતા ટોળકી ઝડપાઈ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા યોજાયેલી વિશેષ કોમ્બિંગ નાઈટ દરમિયાન આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી)ની ટીમે કરમસદ-ગાના રોડ રેલવે ફાટક નજીકથી ચોરાઉ સીએનજી રીક્ષા ધકેલીને લઈ જતી ટોળકીના પાંચ સાગરીતોને ઝડપી પાડ્યા છે. પોલીસે ચોરીની રીક્ષા, હોન્ડા સીટી કાર અને ૪ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૩.૮૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અમદાવાદ વિભાગના આઈજીપી રાઘવેન્દ્ર વત્સની સૂચના અન્વયે તા. ૨૭ ઓક્ટોબરની રાત્રિથી ૨૮ ઓક્ટોબરની વહેલી સવાર સુધી વિશેષ કોમ્બિંગ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એલસીબીની ટીમને બાતમી મળી હતી કે કરમસદ-ગાના રોડ રેલવે ફાટક પાસે કેટલાક શંકાસ્પદ ઈસમો સીએનજી રીક્ષાને ધક્કો મારીને લઈ જઈ રહ્યા છે. પોલીસે તાત્કાલિક ઘેરાબંધી કરી પાંચેય શખ્સોને અટકાવી પૂછપરછ કરી હતી.

પોલીસે ઈ-ગુજકોપ પોર્ટલ મારફતે ચેસીસ અને એન્જિન નંબરની ચકાસણી કરતાં રીક્ષા (GJ-23-AX-5247) કરમસદના દિલીપભાઈ બારૈયાની તથા હોન્ડા સીટી કાર બિલોદરાના કૃણાલભાઈ જોષીના નામે હોવાનું સામે આવ્યું હતું. આથી, પોલીસ ઢબે કરાયેલી ગહન પૂછપરછમાં ચિરાગ રમેશભાઈ રાવળે કબૂલાત કરી હતી કે તેણે તેના સાથીઓ અલ્પેશ કિરીટભાઈ ગોહેલ, દર્શન ભરતભાઈ સોલંકી, વિશાલ પ્રતાપભાઈ તળપદા, કિશન ઉર્ફે કિસુ પ્રતાપભાઈ તળપદા તેમજ ફરાર આરોપી જીગ્નેશ કનુભાઈ રાવળ સાથે મળીને મોગરી-ગાના રોડ પરથી આ રીક્ષા ચોરી કરી હતી.

# ખંભાતમાં પોલીસને ધક્કો મારી જેલમાંથી ભાગેલો ઠગ પકડાયો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

ખંભાત સીટી પોલીસ મથકમાં છેતરપિંડીના ગંભીર ગુનામાં અટકાયત બાદ ફરજ પરના પોલીસ કર્મચારીને ધક્કો મારીને નાસી છૂટેલા અને છેલ્લા ૧૧ વર્ષથી ફરાર ગુલામઅબ્બાસ કાસમઅલી મર્ચન્ટને પેરોલ-ફર્લો સ્ક્વોડે મહારાષ્ટ્રના થાણે ખાતેથી ઝડપી પાડ્યો છે.

આણંદ જિલ્લામાં લાંબા સમયથી નાસતા-ફરતા, પેરોલ જમ્પ થયેલા તેમજ પોલીસ જાપ્તામાંથી ભાગેલા આરોપીઓને દબોચી લેવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. આ સૂચનાના આધારે પેરોલ-ફર્લો સ્ક્વોડે અલગ-અલગ ટીમો બનાવીને તપાસ તેજ કરી હતી.

આ તપાસ દરમિયાન ખંભાત સીટી પોલીસ મથકના વોન્ટેડ ગુલામઅબ્બાસ કાસમઅલી મર્ચન્ટ (ઉંમર વર્ષ ૬૦, ધંધો દલાલી, મૂળ રહે. મીરા રોડ, થાણે) હાલ થાણેના મુમ્બ્રા વિસ્તારમાં આવેલા ઠાકોર પાડામાં રહે છે તેવી પાકી બાતમી મળી હતી. જેના આધારે પોલીસ ટીમે ખાનગી વાહનમાં દરોડો પાડી આરોપીને તેના ઘરેથી દબોચી લીધો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત કરી હતી કે, અગિયાર વર્ષ પૂર્વે છેતરપિંડીના ગુનામાં તેની અટકાયત કરાઈ ત્યારે તેણે હૃદયની ગંભીર બીમારી અને ગભરામણનું નાટક કર્યું હતું. ફરજ પરના પોલીસ કર્મચારી જેવો તેને જેલની બહાર લાવ્યા કે તુરંત તેમને જોરથી ધક્કો મારી નીચે પાડી દઈ તે ફરાર થઈ ગયો હતો અને ઓળખ છુપાવીને રહેતો હતો.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કપડવંજમાં શ્રી હરસિદ્ધિ માતાજી મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

**કપડવંજ** | કપડવંજ શહેરના હોળીચકલા ખાતે આવેલા શ્રી હરસિદ્ધિ માતા મંદિરનો ચતુર્થ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો,



જેમાં નવચંડી યજ્ઞ, શોભાયાત્રા, ધજા આરોહણ અને મહા આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. મંદિરના પૂજારી વિનય જાનીના જણાવ્યા મુજબ, સવારે ૯:૦૦ વાગ્યે યજ્ઞ, શોભાયાત્રા અને મહાઆરતી તથા સાંજે યજ્ઞ પૂર્ણાહુતિ બાદ મહાપ્રસાદીનું વિશેષ આયોજન કરાયું હતું. આ મહોત્સવમાં મુખ્ય યજમાન પલ્વેશ શાહ ઉપરાંત સમીર દરજી, શૈલેષ દરજી, રાજ રોહીતભાઈ ધોબી, રાજેન્દ્ર પારેખ, અંકીત દરજી અને અલ્પેશ વોરાએ વિવિધ પૂજન વિધિનો લાભ લીધો હતો.

### નડિયાદમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા શરદ પૂર્ણિમા ગરબા ઉત્સવની ભવ્ય ઉજવણી

**નડિયાદ** | ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ખેડા જિલ્લા યોગ કોર્ડીનેટર રાનીબહેન ઠાકરના માર્ગદર્શન હેઠળ નડિયાદ શહેરમાં શરદ પૂર્ણિમાની રાત્રે ગરબા ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં



આવ્યું હતું. આ પ્રસંગે માઈ મંદિરના મહંત હિતેન્દ્ર પ્રસાદ મહારાજે આશીર્વાદ પાઠવ્યા હતા તથા નડિયાદ મહાનગરપાલિકાના મેયર મનીષભાઈ પટેલ અને અગ્રણી મહાનુભાવોએ ઉપસ્થિત રહી માતાજીની આરતી ઉતારી હતી. આ કાર્યક્રમનું સુચારુ સંચાલન ડો. સંજયકુમાર બ્રહ્મભટ્ટ દ્વારા કરાયું હતું અને યોગ બોર્ડના કોચ તેમજ ટ્રેનરોના સહિયારા પ્રયાસોથી કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ ઉત્સવમાં નગરના બહોળી સંખ્યામાં નાગરિકો અને સાધકોએ હાજરી આપીને ઉત્સાહભેર ગરબાની રમઝટ માણી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કેડીસીસી બેંકની આધુનિક સેવાઓથી છત્તીસગઢનું પ્રતિનિધિ મંડળ પ્રભાવિત

**નડિયાદ** | ડિસ્ટ્રિક્ટ કોઓપરેટિવ સેન્ટ્રલ બેંક દુર્ગ (છત્તીસગઢ)



ના ચેરમેન પ્રીતપાલ બેલચંદનજી અને પ્રતિનિધિ મંડળે નડિયાદ સ્થિત ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની અભ્યાસ મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મંડળે બેંકની અદ્યતન ડિજિટલ સુવિધાઓ તથા નવા નિર્મિત સરદાર પટેલ સહકાર ભવન નું વિસ્તૃત નિરીક્ષણ કર્યું હતું. પ્રતિનિધિ મંડળે પીજ ગામના બાયોગેસ પ્લાન્ટ, પેટલાદ એપીએમસી, સહકાર મોલ અને સૌર ઉર્જા સહકારી મંડળીની મુલાકાત લઈ સ્થાનિક પ્રવૃત્તિઓની માહિતી મેળવી હતી. બેંકના ચેરમેન ડો. તેજશકુમાર પટેલ ના નેતૃત્વ હેઠળના ઉત્કૃષ્ટ બેંકિંગ મોડેલની પ્રશંસા કરી આ સહકાર મોડેલને છત્તીસગઢ રાજ્યમાં લાગુ કરવા ની પ્રબળ ઇચ્છા વ્યક્ત કરી હતી.

### નડિયાદ સંતરામ મંદિરે શરદપૂર્ણિમા ગરબા મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**નડિયાદ** | શહેરના સંતરામ મંદિર ખાતે બ્રહ્મલીન મહંત નારાયણદાસજી મહારાજની ૨૩મી પુણ્યતિથિ પ્રસંગે મહંત રામદાસજી



મહારાજની નિશ્રામાં અશ્વિનજી પાઠક દ્વારા સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું હતું. બીજા દિવસે યોજાયેલા શરદપૂર્ણિમા ગરબા મહોત્સવમાં મહંત રામદાસજી મહારાજે ગરબે ઘૂમતા ભક્તોને આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે શ્રી સંતરામ સંસ્કાર સરિતાની બહેનો દ્વારા સેવા, સ્વજાગૃતિ અને પ્રેરણાના સંદેશ સાથે લઘુનાટક તથા સ્ક્રીન પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. આ ધાર્મિક અને સાંસ્કૃતિક મહોત્સવમાં મોટી સંખ્યામાં સંતરામ ભક્તો અને શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### આણંદના રોકડિયા હનુમાનજી મંદિરે ભવ્ય સત્સંગ સભા અને શરદોત્સવ યોજાયો

**આણંદ** | ભગવાન સ્વામિનારાયણના પ્રસાદીભૂત અને વડતાલ



ગાદી તાબાના રોકડિયા હનુમાનજી મંદિરે પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ તથા મહંત ભક્તવત્સલદાસજીના આયોજન હેઠળ શરદોત્સવ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ધીરજ આખ્યાન કથાના સમાપન બાદ મહંત સદ ભક્તવત્સલદાસજી દ્વારા નિજ મંદિરમાં બિરાજતા રોકડિયા હનુમાનજીની ભવ્ય આરતી કરવામાં આવી હતી. બાદમાં સાંજે સત્સંગ અભ્યુદય સભા તેમજ રાત્રે સંપ્રદાયની પરંપરા મુજબ રાસોત્સવ અને ઠાકોરજીની પાંચ આરતીનું આયોજન કરાયું હતું.

### ચારુસેટ યુનિવર્સિટીમાં વાર્ષિક ગરબા મહોત્સવ 'વૃંદ ૨૦૨૬'ની ધામધૂમથી ભવ્ય ઉજવણી

**આણંદ** | ચારુસેટ યુનિવર્સિટી કેમ્પસમાં પરંપરા અને સંસ્કૃતિના સંગમ સમાન વાર્ષિક ગરબા મહોત્સવ 'વૃંદ ૨૦૨૬'નું ભવ્ય આયોજન



કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના પ્રારંભે યુનિવર્સિટીના હોદ્દેદારો અને મહાનુભાવોના હસ્તે ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં મા અંબાની પવિત્ર આરતી ઉતારી મહોત્સવની શરૂઆત કરાઈ હતી. બાદમાં ટ્રેડીશનલ પહેરવેશમાં સજ્જ વિદ્યાર્થીઓ અને સ્ટાફે જાણીતા ગાયિકા કાવ્યા લિમયેના સુમધુર સંગીતના તાલે ગરબાની ભારે રમઝટ બોલાવી હતી. કેળવણી મંડળ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આયોજન બદલ ચારુસેટ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો.

### કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે અદ્યતન એચડીએફ ડાયાલિસિસ મશીનનું લોકાર્પણ કરાયું

**આણંદ** | કરમસદ સ્થિત શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે વાઘ બકરી ફાઉન્ડેશનના આર્થિક સહયોગથી અદ્યતન હાઈ-વોલ્યુમ




હીમોડાયાફિલ્ટ્રેશન ડાયાલિસિસ મશીન સ્થાપિત કરવામાં આવ્યું છે. આ મશીનનું લોકાર્પણ વાઘ બકરી ટી ગ્રૂપના સીઈઓ તુષાર ત્રિપાઠીના હસ્તે ક્રિટિકલ કેર સેન્ટર ખાતે કરવામાં આવ્યું હતું. આ અદ્યતન એચડીએફ પદ્ધતિ પરંપરાગત હીમોડાયાલિસિસની સરખામણીએ લોહીમાંથી હાનિકારક તત્ત્વો દૂર કરવામાં વધુ અસરકારક સારવાર પૂરી પાડે છે. આ સહયોગથી હોસ્પિટલની ક્રિટિકલ કેર સેવાઓ વધુ સુદૃઢ બનશે અને આર્થિક રીતે નબળા દર્દીઓને ગુણવત્તાસભર આરોગ્યસેવા ઉપલબ્ધ થશે.

### વિદ્યાનગરની બીવીએમ કોલેજ ખાતે મિની સ્પોર્ટ્સ વીક-2026નું સફળ સમાપન કરાયું




**આણંદ** | વલ્લભ વિદ્યાનગર સ્થિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (BVM) ખાતે મિની સ્પોર્ટ્સ વીક-2026નું સફળતાપૂર્વક સમાપન થયું છે. આ રમતોત્સવમાં અંદાજે 800 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભા અને ટીમભાવનાનું પ્રદર્શન કર્યું હતું. આ સપ્તાહ દરમિયાન મિની ક્રિકેટ, ચેસ, કેરમ, બેડમિન્ટન, વોલીબોલ અને રસ્સાખેંચ સહિતની વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના માર્ગદર્શકોના પ્રોત્સાહક સહયોગ, આયોજક સમિતિના પ્રયાસો અને વિદ્યાર્થીઓની સહભાગિતાથી આ રમતોત્સવ સંપન્ન થયો હતો.

### આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની રંગોળી જિલ્લા કક્ષાએ આકર્ષણનું કેન્દ્ર બની



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદની વિદ્યાર્થીનીઓએ 'સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' વિષય પર યોજાયેલી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓએ વિવિધ અનાજ અને કઠોળમાંથી ભારતીય સંસ્કૃતિ તેમજ રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપતી આકર્ષક રંગોળી તૈયાર કરી હતી. જિલ્લા શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળની આ સર્જનાત્મક પહેલ બદલ વિદ્યાલયને વોલ વોચ અને વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### આણંદ કૃષિ યુનિ.એ આંતર કૃષિ યુનિવર્સિટી રમતગમતમાં મેળવી રનર્સ-અપ ટ્રોફી

**આણંદ** | જૂનાગઢ ખાતે યોજાયેલ આંતર કૃષિ યુનિવર્સિટી પોલિટેકનિક રમતગમત સ્પર્ધાઓમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના




૩૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ટીમે બેડમિન્ટન (ભાઈઓ) અને ચેસ (ભાઈઓ) સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રનર્સ-અપ સ્થાન હાંસલ કર્યું છે. યુનિવર્સિટીની આ નોંધપાત્ર સિદ્ધિ બદલ કુલપતિ ડો. એમ. પી. પટેલ અને વિદ્યાર્થી કલ્યાણ નિયામક ડો. ડી. એચ. પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યાં હતાં. આ સ્પર્ધાઓ દરમિયાન ડો. બ્રિજેશ અમીન અને ડો. જેરૂલ હળપતિએ ટીમ મેનેજર તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.

## વીજ પ્રવાહ બંધ રહેવાની નોટિસ

આથી, મધ્યગુજરાત વિજ કંપની લીમીટેડ, વિભાગીય કચેરી, પેટલાદ હેઠળ આવતા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે ૬૬ કે.વી. મહેળાવ સબ સ્ટેશન ખાતે લાઈનનું જરૂરી સમારકામ, કરવાનું હોવાથી આ સબ સ્ટેશનમાંથી નિકળતાં તમામ ૧૧ કે.વી. ફીડરો પરથી ભારે તેમજ હળવા વીજ દબાણવાળા વિજપુરવઠો મેળવતા તમામ ગ્રાહકો તારીખ ૦૧-૧૧-૨૦૨૬ રવિવારના રોજ સવારના ૦૭-૦૦ થી ૦૧-૦૦ કલાક સુધી વિજ પુરવઠો મેળવી શકશે નહિ.

| સબસ્ટેશન | કેટેગરી | ૧૧ કે.વી. ફીડર | ગ્રાહક |
|---|---|---|---|
| ૬૬ કે.વી. મહેળાવ સબ સ્ટેશન | જે.જી.વાય. ફીડર | પીપળાવ, મહેળાવ | ભારે, હળવા, ખેતીવિષયક અને બીજા તમામ ગ્રાહકો |
| | એ.જી. ફીડર | ધૂટેલી, રવિપુરા, મારૂતિ | |
| | ઈન્ડસ્ટ્રીઝ ફીડર | પી.એફ.જી. | |
| | એજી સ્કાય | ઈષ્ણાવ | |

કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની સૂચના આપ્યા વિના વિજ પુરવઠો ફરીથી ચાલુ કરી દેવામાં આવશે. જેની તમામ ગ્રાહકોએ નોંધ લેવી.
સોજીત્રા પેટાવિભાગીય કચેરીનો સંપર્ક નં. ૬૩૫૯૭ ૭૯૧૮૪
પેટલાદ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીનો સંપર્ક નં. ૬૩૫૯૭ ૭૯૧૮૨
મધ્ય ગુજરાત વીજ કંપની નો ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૨૬૭૦

કાર્યપાલક ઈજનેર
મ.ગુ. વિ.કું.લી. વિભાગીય કચેરી, પેટલાદ